શ્રી સરસ્વતિનમઃ

ગુજરાતનો અતી ઉત્તમ તહેવાર.

દીવાળીએ બહાર.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

એમ. આર. એ. ધ્રાંગરાવાળા–વીરમગામ.

દોહરો.

વિસ્વપતિ તુંમ વીસ્વ મહી, દિયો સબ પ્રાણકુ સુખ;
અપ્રાધીકુ મૂક્તિ કરકે, ટાલ દીયો સબ દુખ.

અમદવાદ—" વિજય પ્રવર્તક " પ્રેસ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીમત ૧ આનો.

શ્રી સરસ્વતીનમં.

ગુજરાતનો અતી ઉત્તમ તહેવાર.

દીવાળી એ બહાર.

૧

શ્રી જગપતી—એ રાગ.

શ્રી વીરનતાપતી, અપાર તમ મતી,
કર જોડીને વીનતી કરૂ, આપો મનમતી શ્રી૦
ગૂજરાત તણો અતી ઉતમ તહેવાર, દીવાળી કહેવાય,
તે તણુનો વર્ણન કરવા, આજે મુજ મન થાય. શ્રી૦
દીવાળીના દહાડામા, થઇ રહે ઝાક ઝમાર,
આનદ આનદ સર્વે સ્થળે, જય જય જય શ્રીકાર શ્રી૦
કવી પડિત વીદ્વાનોને, કરૂ વીન્તી આવાર,
ભુલ ચુકની મારી માગુ, પાય પડી આ ઠાર. શ્રી૦

૨

મરેઠી સાખી—નો રાગ.

હસ વાહીની અંતરજામી, કૃપા દષ્ટી મુજપર કરજો.
દાસની આશા પુરણ કરવા, મમજીભપર વશજો,
વીપત દો સઉ વીદારી, આપો સુમતી તમે સારી.

૩

શું નટવર વસત—નો રાગ.

આનંદ આનદ આજ વ્યાપી રહ્યો,
વ્યાપી રહ્યો, સર્વે છવાઇ રહ્યો. આ૦૧
વીસ મભરે રચ્યો વિસ્વવીશે, આસો માસ મનોહાર.
આનદી રગ રેલિયો, ફીરતારે ફરેમ ફર;

રમો જમો નરનારી ઉમગમા.
પ્રભુ ચરણે શીશ જોડી રહો,
જોડી રહો ગુણ ગ્રાહી રહો આ૦
મનહર માડવી રોપાઇ રહી, સકર ગુજર મોઝાર,
હાબ્ય ભાવ્યથી રમી રહ્યા, નરનારી અપાર,
ગાયે ગાયે ગરબાને ગીત, નરને નારીરે,
લીયે લીયે તાલી સૌ સાથ, હર્ષ વધારીરે,
જય જય જય ઉચરી રહ્યા, સર્વે સ્થગની માય;
આનદ આનદમા ખીલી રહ્યા, હર્ષ અતી ઉભરાય,
રમો ભમો સૌ ભાવે ભુમીપરે,
આનદી રગ અગે છવાઈ રહો, આ૦

૪

વિરાવેસ્યાનો યારી—નો રાગ.

ચાલોને ભાઇ જોવાને જાઈ, માડી માતાને,
થઇ હશે રૂશનાઇ માલા અમુલ્ય વાઈ, જોવાને જાઈ મા૦
મ્હેલે મ્હેલા તણા માણસો, જાય જોવાને આજ,
સાને માટે અહી આપણે, ભેગી રહ્યા વીના કાજ,
છે આનદી બાઈ દીશ સુખદાઇ, જોવાને જાઇ, મા૦

૫

કેરબા—નો રાગ.

જો જો જો બાઈ માડવી માતારે,
માડવી માતારે, કરે સુખ સાતારે જો૦
હાડી જમરૂખ તકતા ગોળા, શુ દીશે મનોહર;
કમાનુની શોભા શુ વરણુ, કહેતા ન આવે પાર. જો૦
એકપા અબાજીમાતા, બીજી પા બેચરાજી,
વચમા બેઠા ગણપતજી, દરશન કરી થઇયે રાજી.

૬

આજ દીન આનંદનો આલી—નો રાગ.

આજ દીન આનંદનો છે ભાઈ,
આનંદનો છે ભાઇ, રહ્યો વીસ્વમાં ફેલાઇ આજ૦
વીત્યા વીત્યા નવ નોરતારે, આવ્યો દશેરાનો દીન સુખકારી. આજ૦
સુખરાશી છે માસ મનુમનોરે, રૂડો આશો માસ મનોહારી. આજ૦
હણી હણી રહ્યા શુ ઘોડલારે, કરી રહ્યાં જવાને તૈયારી. આજ૦
નવીન નવાઇ વશત્રો પહેરોરે, જાઇયે જોવાને સ્વારી. આજ૦

૭

સૈયર સુખકર સસાર—નો રાગ.

પીયારો પ્યારો આશો માસ માહા સુખકારીરે,
થાંવા નહીં કોઈ ઉદાસ, રહો ભય ટારીરે. પ્યા૦
વીત્યા વીત્યા નવ નોરતા, વીત્યો દશેરાનો રોજરે,
આવ્યા આવ્યા વીશ વર્ત્યાના દીન, કરવા સુખ મોજ મા૦
મોટા પરોઢીયે ભાવેથી ઉઠી, કરો હરીનુ ભજનરે,
જળ અશનાન ભલી રીતથી કરી, કરો પ્રભુ દર્શન. મા૦
દર્શન કરો સૌ ભાવ ભાઈ, કરી કુડ કપટનો નાસરે,
પાપ થકી રહો સરવે દુરે, કરો સકર સુભ વિલાસ મા૦

૮

મારારે સ્વામી મારાથી છોટા—નો રાગ.

સખી આજ દીન પોડા બારસનો;
રળિયાત દીન છે હુલાશનો સખી૦
લીપો ઘુપો ઘર ને ઓશરી;
વળી ચુનો છટાવો હોશ ભરી. સખી૦
સખી પચરંગ તમે લાવો;
ઓરડાને ઓશરી ઓપાવો સખી૦

હાંડી ઝુમખાને તકતા જડાવો;
વળી મીનાઇ ગોળા લટકાવો. સખી૦
સખી બત્રીશો ધુપ તમે લાવો;
સરવે સ્થળમાં તમે ફેલાવો. સખી૦
કુસુગંધી થાશે સરવે દુરે;
સારી સુગંધી આવશે બહુ સુરે. સખી૦

૯

આજ દીન રૂડો ધનતેરસી, ધન ધિયાન ધરવા તણે,
ધરો ધિયાન સદ્‌ભાવથી, થાયે અતી આનંદ ઘણો

૧૦

બાહ—નો રાગ.

આજ દીન ધંન તેરસી, આનંદ આનંદ આનંદરે.
રહ્યો આનંદ વીસ્વમા ફસી, આનંદ આનંદ આનંદરે આ૦
લક્ષમી પુજન કરો ભાવધારે, બણી સદાનો સંગ્દાર,
આશા પુરે સરવે મન તણી, દુખ ન દિયે લગારરે. આ૦
આનંદ આનંદ રહે સદાકારરે, એ આનંદ નવ થાય,
જયજય પોકારો સર્વે મુખથી, જયજય જય થાયરે. આ૦

૧૧

નરસી મહેતાની લાવણી રાગ.

માહા લક્ષમી દેવી ધારૂં, સકળ સૃષ્ટીમા તમ વાસ;
આશા પુરો મમ માવડી, કરજોડી વીનવે દાસ,
તારણ તરણ દુખ હણ દાતા, માતા પીતા તું;
કૃપા દ્રષ્ટી મુજપર કરી; સર્વે દુખ દરજે તું.

૧૨

ઘેરા ઘઉં દાઉતખાની ભરડીને, વ્હાલે બનાવ્યો કંસાર;
નાખી ગોળ ઓહમ પધારણી, કરી બનાવી રસાળ.

૧૩

નાખી પતરાળી શું પ્રેમથી, વળી વ્હાલે પીર્શો કસાર,
કીધી ધાર ઉપર ઘીઇ તણી, જમી તૃપ્ત થયા તે વાર.

૧૪

આજ દીન કાળીચૌદશ તણો મંત્ર જંત્ર તંત્રનો,
સૌ સરત ભુમીપરે વીચરો, જપ તપ કરી ગુણને સ્મરો,

૧૫

પોતાયા કર્યા બહુ પ્રેમથી, વળી વ્હાલે બનાવ્યા વડા,
ભજીઆ કીધા શું ભાવથી, ખાધા પેટ ભરી ઘણા

૧૬

ડરમ તું દીલ સાથ છોકરા—નો રાગ.

દીન દિવાળીનો આજ, બાઇ દીન દીવાળીનો આજ
કરો સકળ શુભ કાજ,—બાઇ
વહેલા ઉઠીને, નાવણ કરીને,
શુદ્ધ વસ્ત્રો અંગે સજીયે, પ્રભુ તણા દર્શન કરવા જઇયે,
સદ ભાવથી ગુણ તેમના ગાઇયે, પાપથી દુર આપણે રહિયે,
છ આનંદી દીન આજ-બાઇ

૧૭

દોહરો.

સ્થળે સ્થળે સોભતા, નગારા, નોબતો,
સ્હ ાઇ સુર સાભળી, દીલ દુ:ખ દમતો.

૧૮

બનજારા—નો રાગ.

આજે સપ્રેમો દીન દિવાળી કરો ભવે ભોજન નરનારી.
સેવ સુંવાળીને સીરો વળી પાપડને સુભ ખારે.
ભાત દાળ બનાવી સારી.—કરો૦

ગયતા બટાટા ને કાશેરા, વળી કરથી ઝાલરને ચોરા.
એવા સાકો તમે વધારી—કરો૦
જાતજાતના અથાણા મુખવાસો જમી ટારો દીલ તણા ઉદાસો,
રહો પ્રેમે પ્રભુ સભારી—કરો૦

૧૯

દોહરો.

દીવાળી તણી રજની, સજન આજ કેવાય,
હાડી ઝુમર ઝુમખા, ગણ્યા નવ ગણાય;
લવીંગિયા તણી લુમો, ફટ ફટ ફુટી રહી,
ફુલ ખડીના ફુલો, જમીન બારી રહી,
હવાઇયુ હેતે ચડે, આકાશ મોઝાર,
નરનારી નીરખીને, આનદ પામે અપાર,
જલેબી જમીન ઉપરે, ફરે ગોળાકારે;
તડ તડ તડ તડતડીઆ, તડકીઆ એ ઠારે,
બપોરીઆની તો, બહાર શુ કહુ ભાઈ,
કોઠીયુ પુરે કોડ, આવી રજનીમાંઈ,
બીજા અનેક પ્રકારના, દારૂખાના છુટે,
પ્રેમે પ્રાણી આવી, ગમતી મઝા લુટે.

૨૦

ગીતિ.

થયો સમ્ય મમ સજનો, આળસ તજો તમે આ વારે,
જોઈ ચોઘડિયા સારા, વીદ્યા પૂજો શાસ્ત્રનુંવારે.

૨૧

ભુજંગી છંદ.

ઓ સરસ્વતિ શીશ નામી કરજોડુ.
તમ ગુણ ગાવા મુજ ગ્નાન થોડુ,
ગતીને મતી છે જગત બાહરી,

સકર સ્ટીમા છે રૂડી તાથરી;
હરી હરા હરી હરા જગત માતા,
જય જય જય કરો સુખ સાતા,

૨૨

મીઠડા ગોરસ લો—નો રાગ.

સપ્રમે સબરા લીયો, સબરા લીયો
લીયો લીયો નરનારીરે. સ૦
સુકનમા છે મોહા સુખકારીરે સ૦
રહે આનદ આનંદ સદાકારીરે સ૦

૨૩

પીયે સરાબ મજેદરિ—નો રાગ.

સપ્રમ દીન હે આજ, મેરે યાર,
અછે અછે કપડે અગે લગાકે. (૨)
આબ રખો શીરપે તાજ મેરે૦
ચલો ચલો ભાઇ જલદીરો જાઈ. (૨)
પ્રભુ દર્શન કે કાજ. મેર૦

૨૪

ધન્યાશ્રી—નો રાગ.

આનદ આનંદકાર, સર્જનો મોગ...........
વીક્રમ સંવત કેરો આજે, કારતિક માસ મનોહર સ૦
અતી ઉત્તમ સર્વેથી શ્રેષ્ટ, શુદ એકમ સુખકાર. સ૦
સગા સબધી માતા પીતાને, કરો પ્રભુને નમસ્કાર. સ૦

૨૫

દોહરો.

મતી મારી દીધે નહિ, નહિ સીરખ મમ કાજ;
ગ્યાની દોસ દેખતા માફ કરો મમ તાજ.

સમાપ્ત.